શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજનનું મુખપત્ર

# કચ્છ વાગડ ખબર પત્રિકા

KUTCH VAGAD KHABAR PATRIKA RNI NO. : MAHGUJ/2006/17870 તંત્રી : ડો. નાગજી કેશવજી રીટા

વર્ષ : ૧૧ ❑ અંક : ૯૮ ❑ સળંગ અંક : ૩૦૯૮ ❑ પાના : ૨૪ સૂર્યોદય : ૬.૧૪ www.kutchvagad.com સૂર્યાસ્ત : ૭.૧૬ ✻ સં. ૨૦૭૩ : અષાઢ વદ-૧૪, શનિવાર, તા. ૨૨ જુલાઇ, ૨૦૧૭

કાર્યાલય : શ્રી પરિમલ II, ૧૦૩, ૧લે માળે, દફતરી રોડ, મલાડ-ઈસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૯૭. ✻ ફોન : ૨૮૮૧૪૩૪૬, ૨૮૮૨૪૩૪૬ ✻ ફેક્સ : ૨૮૮૮૪૩૪૬ કિંમત : રૂા. ૨/-

## મરણખબર



લાકડીયાનાના દેમતબેન ખેતશી ભીમા શાહના પુત્રવધૂ. સ્વ. હરખચંદ ખેતશીના ધર્મપત્ની પદમાબેન ઉં. વર્ષ ૮૬ આજરોજ તા. ૨૦-૭-૨૦૧૭ને ગુરૂવારના મું. મધ્યે અવસાન પામ્યા છે. શામજી, નાનજી, નેમચંદ, કુંવરજી, હસમુખ, ચેતના, વેલુ, પ્રભા, રંજન, સ્વ. શાંતિના માતુશ્રી. લાડુબેન, મંજુલાબેન, દમયંતીબેન, વિમળાબેન, વિમળાબેન, કાનજી, રવજી, ધનજી, ચંદ્રકાંતના સાસુ. સ્વ. લાલજી, પાર્વતીના ભાભી. સ્વ. સંતીબેનના જેઠાણી. દામજીભાઈના સગી. અવચર, જીવરાજ, મણીલાલ, કાંતિલાલ, નવલ, વનિતા, અમૃત, કસ્તુરના મોટીમા. સુરેશ, નરેશ, દિપક, હર્ષદ, ધવલ, દિપક, મોનીક, મીના, સુષમા, જયશ્રી, જીજ્ઞા, જ્યેષ્ઠી, કાજલ, શ્રૃતી, નિશીતાના દાદીમા. અર્ચના, સ્મિતા, દિશા, જીનલ, રાજેશ, પ્રફુલ્લ, ઠાકરશી, પુનીત, અશોકના દાદીસાસુ. સ્વ. વાઘજી, સ્વ. ખાંખણ, સ્વ. ભચુ, સ્વ. પુંજાલાલના ભત્રીજાવહુ. ગામ આધોઈના ગાલા સ્વ. જેવાબેન માંઈયા લાખાના દિકરી. સ્વ. ભુરા, પોપટ, મુરઈ, ગં.સ્વ. કસ્તુરના બેન. ગં.સ્વ. દેમત, સ્વ. લક્ષ્મીના નણંદ. સ્વ. હિરજી રણમલ સત્રાના પા.સાસુ. નેમચંદ, શાંતિલાલ, સ્વ. જયંતિલાલ, પ્રેમજી, અમૃતલાલ, ગોકળ, મણીલાલ, અમૃતબેન, નવલ, સ્વ. ભાનુના ફુઈ. વિસનજી, લખમશી, રમણીક, પ્રવિણ, શશિકાંતના મામી. વિનિત, મિલૌની, કિરણ, જશ, મુદીતના પરદાદી. પ્રિયાંકીના પરદાદી સાસુ. નિમેશ, ભુમીલ, નિશાંત, રૂષભ, જૈનિલ, સૌમ્ય, યશ, ચાર્મીના નાનીમા. કૃતિકા, શ્રદ્ધા, અવની, આયુષી, જતિનના નાનીજીસાસુ. ઘાણીથરના ગાલા સ્વ. હેમરાજ મુરજીના દોહિત્રાવહુ. હલરાના છેડા સ્વ. લખમણ, સ્વ. ખેરાજના ભાણેજી. પ્રાર્થના સ્થળઃ યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ). તા. ૨૨-૭-૨૦૧૭, શનિવાર, સમયઃ ૩.૦૦ થી ૪.૩૦, પ્રાર્થના પછી બરવિધી રાખેલ છે. નિવાસ સ્થાનઃ સી-૮, અનુપમ બિલ્ડીંગ, કારાણી લેન, ઘાટકોપર (વેસ્ટ), મું.નં.-૮૬. ફોન નં.: ૨૫૧૬૩૩૫૫. (J-0){1-1}

**શ્રી આધોઈ વિશા ઓસવાળ મૂ.પૂ. જૈન સંઘ**

સ્થાનિકે શ્રી સંઘમાં પ.પૂ. સાધ્વીજી મ.સા. આદી ઠાણા ૩ની નિશ્રામાં ચાતુર્માસની ધર્મ આરાધના, વ્યાખ્યાન વાણી પૂરજોશમાં ચાલી રહેલ છે. ચાતુર્માસના સહાયક દાતાશ્રી ૧ આનીના ૫૦૦૦ રૂા. રાખેલ છે. ૬ આની ગાલા માતુશ્રી મોંઘીબેન ચાંપશી જેસંગ પરિવાર તરફથી આવેલ છે. દાતાશ્રી પરિવારની ભૂરી ભૂરી અનુમોદના. જે ભાગ્યશાળીઓએ ચાતુર્માસ સહાયક દાતાશ્રીમાં આની લખાવવી હોય તેઓએ સંઘના ટ્રસ્ટી શ્રી કાનજી રામજી ફરીયાને જાણ કરવા નમ્ર વિનંતી. અગાઉ જે ભાઈ બહેનોએ ચાતુર્માસમાં સહયોગી બનવા બદલ ખુબ ખુબ ધન્યવાદ સાથે આભાર. લિ. ઉપરોક્ત સંઘના સર્વે ટ્રસ્ટીગણના પ્રણામ. (A-2511){1-2}

## સામાજિક

**શ્રી રવ વિશા ઓસવાળ મિત્ર મંડળ-મુંબઈ**
**યુવા શિબિરની તારીખમાં ફેરફાર**
**શિબિર-શિબિર-શિબર**
**તા. ૨૩-૧૦-૨૦૧૭ થી તા. ૨૫-૧૦-૨૦૧૭**

સહર્ષ જણાવવાનું કે પ.પૂ. ગુરૂદેવ શ્રી ધૈર્યમુનિ મ. સાહેબ, પ.પૂ. ગુરૂદેવશ્રી ભવ્યમુનિ મ. સાહેબ, પ.પૂ. ગુરૂદેવશ્રી રાજવીર્યમુનિ મ. સાહેબ, પ.પૂ. શ્રી તીર્થરત્નમુનિ મ. સાહેબ આદિ ઠા.૪ના સાનિધ્યમાં યુવા શિબિરનું આયોજન, તા. ૨૩-૧૦-૨૦૧૭ થી તા. ૨૫-૧૦-૨૦૧૭ સુધી કરવામાં આવેલ છે. ઉં. વર્ષ ૧૫ થી ૪૫ જે ભાઈઓ બહેનોએ શિબિરમાં જવાનું હોય તેમણે રૂા. ૩૦૦ (અંકે રૂા. ત્રણસો) ડિપોઝીટના ભરી તા. ૩૦-૭-૨૦૧૭ સુધીમાં રસીકલાલ ખીમજી છેડા માર્કેટ થાણા અને કલાનિધિ નવપાડા થાણા મધ્યે નામ લખાવવા વિનંતી. ડિપોઝીટના પૈસા સ્થાનિકે પાછા આપવામાં આવશે. તા. ૨૨-૧૦-૨૦૧૭ના મુંબઈથી રવાના થઈ, તા. ૨૫-૧૦-૨૦૧૭ના સ્થાનિકે પાછા આવવાનું રહેશે જેની નોંધ લેવા વિનંતી. શિબિરનો સંપૂર્ણ ખર્ચનો લાભ અ.સૌ. નીલુબેન રાયશીભાઈ કારીયા પરિવારે લીધેલ છે. દાતા પરિવારનો ખુબ ખુબ ધન્યવાદ. તા.ક. ઉપરોક્ત મંડળ દ્વારા સ્થાનિકે ચાતુર્માસમાં વ્યાખ્યાન બાદ સંયુક્ત પ્રભાવનામાં માતુશ્રી હીરૂબેન દેવરાજ ગાલાને બદલે માતુશ્રી હીરૂબેન વેલજી ગાલા એ પ્રમાણે વાંચવું. લિ. મંત્રીઓ. (T-814){1-3}

**શ્રી ગાલા રાણાણી (ખીરાણી) પુંજાણી (ઝાઝ) કુટુંબનો આંબો "FAMILY TREE" તૈયાર છે**
**તા. 18-07-17 થી 22-07-17 સુધી જોવા પધારો**



* જેની તમે વર્ષોથી આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે શ્રી ગાલા રાણાણી-(ખીરાણી)-પુંજાણી (ઝાઝ) કુટુંબનો આંબો કલરમાં તૈયાર થઈ ગયેલ છે.
* દરેક કુટુંબના એક સભ્યએ આ આંબો ચેકીંગ કરવા પધારવું જેથી કુટુંબના દાદા, પિતા, પુત્ર, પૌત્રનું નામ રહી નથી ગયું ને..? ખાસ નોંધઃ
* જેને પોતાના દાદા-પરદાદાની વિગત ખબર હોય તે આવે તો સારૂ, જેથી માહિતીની બરોબર ચકાસણી થાય અને નામ કોઈ રહી ન જાય તેની કાળજી રાખે.
* તા. 18-07-17 થી 22-07-17 સુધી. સવારે 9.00 થી 6.00 સુધીમાં ચેકિંગ કરી જવા વિનંતી. (રવિવાર બંધ).
* બધા ગોઠિયા ભાઈઓએ સહકાર આપવા નમ્ર વિનંતી. આંબો ચેકીંગ કરવાનું સ્થળઃ શ્રી ગાલા પદમશી કોરસિંહ ખીરાણી (લાકડીયા) C/o. ખીરાણી પ્રકાશન. 206, પ્રતિક એવેન્યુ, શિવસાગર હોટલની સામે, નહેરૂ રોડ, પારલા-ઈસ્ટ, મુંબઈ-400057. ફોનઃ 26155757/26125858 Mo.: 9870556856. લિ. ગાલા રાણાણી પુંજાણી ભાવિક મંડળ (મુંબઈ) (લાકડીયા-કચ્છ વાગડ). (J-1006){1-4}

## શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન

### Jain Minority Scholarships
### From Central Govt. (Minority Affairs)

રાષ્ટ્રીય સ્કોલરશીપ Pre Matric, Post Matric & Merit cum Means Scholarship For Fresh Registration and Renewal Application વર્ષ ૨૦૧૭-૨૦૧૮માટે ચાલુ થઇ ગયેલ છે.

કેન્દ્ર સરકાર તરફથી જૈન માયનોરીટીને પાત્ર લાભ હેઠળની વિવિધ સ્કોલરશીપ માટે ઓન-લાઈન ફોર્મ ભરવા માટેની પ્રક્રિયા શરૂ થઇ ગયેલ છે. વિદ્યાર્થીઓએ www.scholarships.gov.in પર લોગ-ઇન કરીને અરજી કરવી. જે વિદ્યાર્થીઓએ ગયા વર્ષે ઉપરોક્ત સ્કોલરશીપ માટે અરજી કરેલ હોય તેમણે ફક્ત **રીન્યુઅલ** માટે અરજી કરવી.

**Fresh and Renewal Scholarship માટે સ્કેન અને અપલોડ કરવા માટે જરૂરી દસ્તાવેજ નીચે પ્રમાણે :**

* વિદ્યાર્થીનો ફોટો
* કુટુંબની આવક (Self Declaration)
* માયનોરીટી સર્ટીફિકેટ (Self Declaration)
* ગયા વર્ષની માર્કશીટ
* કોલેજનું પ્રમાણપત્ર ફોર્મ
* ચાલુ વર્ષની ફી રસીદ
* રાષ્ટ્રીયકૃત બેંકના ખાતાની વિગત જેવી કે, A.C. No., Branch અને IFSC નંબર
* આધાર કાર્ડ Xerox (રહેઠાણ સર્ટીફિકેટ)

ઓનલાઈન અરજી કર્યા પછી અરજીની પ્રિન્ટ કાઢીને કોલેજમાં જમા કરાવવી. કોલેજમાં જમા કરાવ્યાની સહી રબર સ્ટેમ્પ સાથે લઈ લેવી.

**નોંધઃ બેંક ખાતું આધાર કાર્ડ સાથે લીંક હોવું જરૂરી છે.**

**:: સ્કોલરશીપ માટે Eligibility Criteria ::**

| | Pre Metric | Post Metric | Merit Cum Means |
|---|---|---|---|
| Standard | 1 to 10 | 11th to Graduation & Post Graduation | Engineering, Medical Pharmacy & Management + Courses Approved Under AICTE/DMER |
| Eligibility | Parents Annual Income Up to Rs. 1 Lac | Parants Annual Income Up to Rs. 2 Lac | Parants Annual Income Up to Rs. 2.50 Lac |

| Activities | અરજી કરવાની છેલ્લી તારીખ |
|---|---|
| Submission of online Applications for Fresh (First Time applicant) Scholarship By Students | 31st August 2017 |
| Submission of online Applications for Renewal (Applicant who have got Scholarship during 2016-2017) Scholarship By Students | 31st July 2017 |

**વધુ માહિતી માટે સંપર્ક : અરવિંદ સાવલા - 98202 91166**

**લિ. : મંત્રીઓ**

(M-0)

## સામાજિક

**।। ગામ ભચાઉ થી વોંધ રામદેવ પીર ।।**
**।। મંદિરે પગપાળા નેજા યાત્રા ।।**



શ્રી પરમેશ્વર દાદા સેવા ભાવીક મંડળ (ભચાઉ) દ્વારા આયોજીત ગામ ભચાઉ પરમેશ્વર ધામથી વોંધ મુકામે ભાદરવા સુદ બીજી દશમ ને શુક્રવાર, તા. ૦૧-૦૯-૨૦૧૭ના રોજ પાંચમી ભવ્યાતી ભવ્ય સંગીતના સુરોથી વાજતે ગાજતે ભાવીક ભક્તો સહીત નેજા સાથે બાબા રામદેવ પીરના દેવળે લઈ જવાનો સંપૂર્ણ લાભ ગામ ભચાઉના માતુશ્રી કેશરબેન ભુરાભાઈ ફટક (પટેલ) પરિવારે લીધેલ છે... આવા રૂડા પ્રસંગે બાબા રામદેવ પીરની મૂળ સમાધી સ્થાન રણુજા (રામદેવરા) થી બાપાનો અતીપ્રિય લીલુડો ઘોડલો લઈ ત્યાં બાપાના સમાધી સ્થાને સ્પર્શના કરાવી દર્શન વંદન સાથે ધુપદીપ પ્રગટાવીને શ્રી રામદેવપીરજી ને ભચાઉ મુકામે નેજા યાત્રામાં પધારવા હૃદયથી આમંત્રણ આપીને આપણા કર્મભૂમી એવી મુંબઈ નગરીમાં બોરીવલી મુકામે પવિત્ર સ્થાન એવા કાર્ટર રોડ નં. ૮ મધ્યે રામદેવજીના મંદિરે દર્શનાર્થે રાખીએ છીએ. ત્યાંથી ભાદરવા સુદ ૯ (નોમ) ને ધુપદીપ સહીત ભક્તિ કરતા મુંબઈથી રેલ માર્ગે માદરે વતન એવા ભચાઉ મુકામે જવા પ્રયાણ કરી સફર પુરી થયે. સ્થાનિકે રેલવે સ્ટેશન થી ઢબુકતા ઢોલના સથવારે સામૈયો કરી બાપાના લીલુડા ઘોડલાને પરમેશ્વર ધામ મંદિરે બીરાજીત કરી-આરતી સ્તુતી, ધુપદીપ પ્રગટાવી દર્શન વંદન કરીએ. પરમેશ્વર દાદાના પટઆંગણમાં શુભ ઘડીએ સ્વામી શ્રી સત્ય નારાયણ ભગવાનની પુજા કથાના અનુષ્ઠાન સાથે શુકનવંતી ઘડીએ મંદિરની પાંચમી વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવિએ... ભાદરવા સુદ દ્વિતીય દશમના, તા. ૦૧-૦૯-૨૦૧૭ સંધ્યાટાણે મહાનુભાવોના પ્રવચન સાથે શુભ આશિષ તેમજ દાતાશ્રીઓનું સન્માન સમારંભ કરી દેવરૂપી વિમાન સમાન રથમાં મહાન ઘડીએ શ્રી રામદેવપીરને તેમના લીલુડા ઘોડલા સહીત બીરાજમાન કરાવી ધુપને ધુવાડે આહવાન અને ભવ્ય મહા આરતી ઉતારી મહાનુભવોના હસ્તે લીલીઝંડી ફરકાવી બાપાની ભાવિક ભક્તો સહિત ભવ્ય નેજાયાત્રા પ્રયાણ કરશું... ત્યારે આવા ડગલે ને પગલે પરચા પુરતા નકલંક નેજાધારી બાપા રામદેવજીના છેલ્લા ચાર વર્ષથી નેજા પ્રસંગમાં પરચાના દાખલા નજરોનજર જોયા અને અનુભવ્યા... હજુ ગયા વર્ષે... એટલે કે, તા. ૧૨-૦૯-૨૦૧૬ ને સંવત ૨૦૭૨ ભાદરવા સુદ-૧૦ રોજે મધ્યાહને દાતાશ્રીના નિવાસ સ્થાને બાપાના પગલા કરાવ્યા ત્યારે સાક્ષાત કુંકુવર્ણા પગલા થયા અને યજમાન દાતાશ્રીના વસ્ત્ર પર કેશરના છંટકાવ થયા જે સર્વે ભાવિકોએ નિહાળ્યા અને કુમકુમના ચરણરજ માથે ચડાવી. આવા તો અનેક પરચા મંડળ તેમજ દાતાશ્રીઓને જાણ્યે અજાણ્યે મળ્યા જ છે એજ અમારા માટે પ્રમાણપત્ર છે કે બાબાની હાજરી અમારી વચ્ચે છે જ... ત્યારે આવા ચમત્કારિક પ્રસંગે સર્વે ભક્તજનોને નેજાયાત્રામાં પધારવા હાર્દિક આમંત્રણ...

* નોંધઃ નેજા યાત્રાના સંપૂર્ણ ખર્ચના દાતાશ્રી ગામ ભચાઉના માતુશ્રી કેશરબેન ભુરાભાઈ ફટક (પટેલ) હસ્તે નારાયણ ભુરાભાઈ ફટક (પટેલ) પરિવાર)

* વોંધ મુકામે રામદેવપીર મંદિરે મેળામાં ભાદરવા સુદ-૧૧ ને તા. ૦૨-૦૯-૨૦૧૭ના રોજ સૈકાઓથી પરમપરાગત ચાલ્યુ આવતું પરમેશ્વરીય ખીચડી ખાટીયાનો દેવ પ્રસાદ પરોસવામાં આવશે જેનો સંપૂર્ણ લાભ ગામ ભચાઉના માતુશ્રી લાધીબેન નરશી હેમરાજ ગીંદરા, હસ્તે અ.સૌ. સુશીલાબેન પ્રેમજી નરશી ગીંદરા પરિવારે લીધેલ છે.

* સ્થાનિક પરમેશ્વરધામ મંદિરના નિભાવ વાર્ષિક ૨૦૧૬-૨૦૧૭ના વહિવટ વપરાશનો સંપૂર્ણ લાભ ગામ ભચાઉના અ.સૌ. પાર્વતિબેન હંસરાજ ભુરા કારીયા પરિવારે લીધેલ છે.

એજ લિ. પરમેશ્વર દાદા સેવા ભાવિક મંડળ (ભચાઉ)

(M-939){2-1}

---

**"શ્રી ક.વિ.ઓ. જૈન સેવા સમાજ કુરલા"**
**ઘર ઘર ગુંજે શ્રી નવકાર એ જ અમારો છે નિર્ધાર**

લીંબડી અજરામર સંપ્રદાયના પૂ. આચાર્ય શ્રી રૂપ-નવલ-રામ ગુરૂદેવના કૃપાપાત્ર સુશિષ્ય શાસન પ્રભાવક અષ્ટવિધ ગણિસંપદાયુક્ત પ.પૂ. શ્રી આચાર્ય પ્રકાશચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તિની આજીવન અનશન આરાધીકા પ.પૂ. શ્રી સુરજબાઈ મહાસતીજી તથા વિદુષી શ્રી પ.પૂ. વિજયાકુમારી મહાસતીજીના સુશિષ્યા, પ.પૂ. શ્રી મેહુલાકુમારી આર્યાજી, પ.પૂ. શ્રી સિધ્ધશિલાજી આર્યાજી, પ.પૂ. શ્રી મુક્તિશિલાજી આર્યાજી, ઠાણા-૩ ચાતુર્માસ અર્થે સુખ શાતામાં બિરાજે છે. તા. ૨૪-૭-૨૦૧૭ સોમવાર શ્રાવણ સુદ એકમના શ્રી નવકાર મંત્ર ના સમૂહ જાપ સવારના ૭ થીટ ૮ વાગે ઉપાશ્રયમાં રાખવામાં આવેલ છે. સકળ સંઘના દરેક ભાઈઓ તથા બહેનોએ દર્શન, વંદન-વાણીનો લાભ લેવા પધારવા વિનંતી. લક્કી ડ્રો, ઈનામી યોજના પણ રાખેલ છે. એજ લિ. માનદ્ મંત્રીશ્રીઃ વિજય શામજી શાહ, કિશોરખેતશી શાહ.

(J-1085){2-2}

**મિલન વિહાર-વિરાર (ઈસ્ટ)**

ગામ લાકડીયા માતુશ્રી ભમીબેન માડણ કુંભા રીટા મે. ટ્રસ્ટ દ્વારા વિરાર (ઈ.)માં મિલન વિહાર આવેલું છે. અહીં મોટી ઉંમરના વડીલો માટે ખાસ હવાફેર કરવા માટે આપવામાં આવે છે. સ. ગરમ નાસ્તો-ચા, બ. જમવાનું, બ. ચા, સાંજે જમવાનું ૫ દિવસના ૨૫૦૦/-, ૧૫ દિ. રૂા. ૩૫૦૦/-. ૧ મહિનાના રૂા. ૬૦૦૦/- ભરીને આનંદમય જીવન જીવી શકો છો. સુંદર લીલાછમ હરીયાળી વાતાવરણમાં રહેવાની મજા માણો. "મિલન વિહાર", ગામ ભામર પાડા, શિરશાડ (ઈસ્ટ), મોઃ ૯૮૨૧૦૨૮૬૩૦. લિ. પદ્મશી માડણ રીટા મે. ટ્રસ્ટી. જરૂરીયાતમંદોને રાહત દરે આપવામાં આવશે-પદ્મશી માડણ રીટા.

(A-708){2-3}

## મીટિંગ

**શ્રી ભચાઉ વિશા ઓસવાળ મહાજન**
**જનરલ મીટિંગ**

ભચાઉ વિશા ઓસવાળ સમાજના ભાઈ બહેનો જોગ જણાવવાનું કે, આપણા ગામની જનરલ મીટિંગનું આયોજન નીચેના કામકાજ માટે કરવામાં આવેલ છે. ગત મીટિંગનું વાંચન કરી બહાલી આપવી. ચોવીસી મહાજન તરફથી આવેલ પત્રનું વાંચન કરી પ્રતિનિધિ સભાના સભ્યો તથા તેમાંથી કારોબારી સભાના સભ્યોનું લીસ્ટ મોકલવા માટેના નામોની યાદી અંગે યોગ્ય નિર્ણય લેવો. પ્રમુખ સ્થાનેથી રજુઆત ઉપર ચર્ચા કરી ઘટતું કરવા. મીટિંગ અગત્યની હોવાથી હાજર રહેવા સૌને વિનંતી. સ્થળઃ શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ સાંતાક્રુઝ (ઈસ્ટ), બસ ડેપોની પાછળ, સ્ટેશનની બાજુમાં, સાંતાક્રુઝ (ઈસ્ટ). સમયઃ ૨.૩૦ થી ૪.૩૦ રવિવાર, તા. ૩૦-૭-૨૦૧૭. મંત્રીઓઃ ચાંપશી ફરીયા, મેઘજી નંદુ, હિના ગાલા.

(M-940){2-4}

**જનરલ મીટિંગ મુલત્વી રાખવામાં આવેલ છે**

આધોઈ વિશા ઓસવાળ મહાજનની જનરલ મીટિંગ તા. ૨૩-૭-૨૦૧૭ રવિવારના પીપલ સ્કુલ, ખાર વેસ્ટ મધ્યે બપોરે ૨.૩૦ કલાકે રાખવામાં આવેલ હતી. સ્થાનિકેથી મહાજનના પ્રમુખ શ્રી પોપટ જગશી ગડા અનિવાર્ય સંજોગે આવી શકવાના ન હોવાથી જનરલ મીટિંગ મુલત્વી રાખવામાં આવેલ છે. પાછળથી બીજી તારીખ નક્કી કરીને પત્રિકા દ્વારા જાણ કરવામાં આવશે જેની આધોઈવાસી સર્વે ભાઈ બહેનો નોંધ લેશો. લિ. શ્રી કાનજી રામજી ફરીયાના સર્વે આધોઈવાસી ભાઈ બહેનોને પ્રણામ.

(A-2810){2-5}

**શ્રી ઘાણીથર વિશલમાતા ભાવિક મંડળ-મુંબઈ**
**મીટિંગ-મીટિંગ-મીટિંગ**

"શબ્દમાં જો સુર મળે તો પ્રગટે દિવ્ય સંગીત, પરિવારમાં જો સ્નેહ ભળે તો પ્રગટે અનુપમ પ્રીત." જનરલ મીટિંગ બોલાવીને નીચેના મુદ્દાની ચર્ચા વિચારણા કરવા અને નિરાકરણ લાવવા માટે ઘાણીથર વિશલમાને નમતા ગાલા પરિવાર, ગોઠિયા ભાઈઓ સજોડે આવવા વિનંતી. મીટિંગ, તા. ૨૩-૭-૨૦૧૭ રવિવાર સમય બપોરે ૨ વાગે મુકેશ ગોવર ગાલાના ઘરેઃ ૮૦૩, આવેઝ હાઈટસ, આંબોલી નાકા, એસ.વી. રોડ, અંધેરી મધ્યે રાખેલ છે તો સર્વેને સમયસર પધારવા વિનંતી. (૧) સમૂહ જુવાર ચાલુ કરવા માટે, (૨) મુંડનવિધિ માટે (બાલમોવારા), (૩) મંદિરમાં બારી બે બાજુ કરવા, (૪) માતાજીના ઓરીજનલ ફળા સુખડના પાટ પર માતાજીના આગળ બેસાડવા, (૫) માતાજીના ફળા ગોઠિયા ભાઈઓને ઘરે શુભ પ્રસંગે આપવા માટે બનાવવા, (૬) મુંબઈ મધ્યે પહેડી નવરાત્રીમાં કરવા માટે ચર્ચા કરવી, (૭) મુંડન વિધિના ખોરાના ઘઉં માટે ચર્ચા કરવા. ઉપરોક્ત મુદ્દાની ઘાણીથર મધ્યે પહેડી સમયે ભોપાશ્રી શ્રી રમેશભાઈ પાસે ચર્ચા થયેલ, અમુક રજા મળી પણ કોઈને સમજમાં બેસતું નથી તો જનરલ મીટિંગ કરીને દરેકનું નિરાકરણ કરીને વિચાર વિમર્શ કરવા દરેક જણે પધારવા વિનંતી. જય માતાજી. લિ. મંત્રીઓ.

(M-933){2-6}

## પ્રવાસ કેમ્પ

**ચોઈસ ટુર્સ & ટ્રાવેલ્સ ૨૦૦૧ થી**

દુનિયાભરની ટુરોની મજા માણો ચોઈસ ટુર્સ & ટ્રાવેલ્સ સાથે. કપલ, ફેમીલી, ગ્રુપ, મંડળો, સંસ્થાઓ, ક્લબો, ક્લાસીસ, કોર્પોરેટ, યંગસ્ટર્સો, મહીલા મંડળો, મધર-ચાઈલ્ડ ગ્રુપો, સીનીયર સીટીઝનો વગેરે. અમે MTDC, APTDC, TSTDC, TCGL, IRCTC, Go AIR, INDIGO, JET AIRWAYS, VISTARA રામોજી ફીલ્મસીટી, IMAGICA, વેટ N જોય વોટર પાર્કના પણ ઓથોરાઈઝ્ડ છીએ. અમે રણોત્સવ, જલ મહોત્સવના બીઝનેસ અસોસીએટસ છીએ. KIDZANIAના PSA છીએ. IT2 CASHના ડીસ્ટ્રીબ્યુટર છીએ. તો હોટલ, બસ, ટ્રેન, એર, વીઝા, પાસપોર્ટ, ક્રુઝ, ટ્રાવેલ ઈન્સ્યુરન્સ, એડવેન્ચર કેમ્પ, ટ્રેકીંગ, વેડીંગ, MICE તેમજ ટુરીઝમને લગતી કોઈપણ સર્વીસ માટે અમને સંપર્ક કરો. અમે ટુરીઝમ ઈન્ડસ્ટ્રીના હોલસેલર (B2B) છીએ. અમારી પાસે ૪૦૦ થી વધારે ટુર ઓપરેટરો તેમના ગ્રાહકો માટે અમારી પાસે બુકીંગ કરાવે છે. ચોઈસ ટુર્સ & ટ્રાવેલ્સ-ગારેગામ-ઈ (સોમ થી શનિ સવારે ૧૦.૦૦ થી રાત્રે 8.00.) 9022222746, 9322484184, 26865701/02/03 ઈ મેઈલ: travels@-choicegroupdn.com Website: www.choicegroupdn.com ધીરજ કે. નિસર-ભચાઉ.

(M-922){2-7}

**નાલાસોપારા વેસ્ટમાં દુકાન**

દરેક ધંધાને લાયક ડબલ ગાળાની ૨૦ ફુટ દર્શન, ૫૦૦ ફુટ દુકાન પાનબાઈ નગરમાં ચલાવવા તથા વેચાણથી આપવી છે. લિ. નવીનભાઈ, મો.: 9619983033.

(A-2809){2-8}

## ધંધાદારી

**ફેટ લોસ, વેટ લોસ, ઘુંટણના ગેપ, ઘસારા, ડાયાબીટીસ તથા અન્ય આયુર્વેદીક ઉપચાર**



કચ્છ વાગડ સમાજનો ભવ્ય રીસપોન્સ બદલ આભાર. ચિકન ગુનીયા, વાયરલ તાવના દુઃખાવા, ડેન્ગ્યુ, અસ્થમા, કંપવા, સ્ત્રીઓનો પીરીયડ, પીસીઓડી તથા હોર્મોન્સ લેવલ માટે ગેસ, વા, સાયટીકા, એસીડીટી, વેરીકોસ, ચામડીના રોગો, ખંજવાળ, હાઈપોથાઈરોઈડ, માઈગ્રેન, સાયનસ, જૂની કબજીયાત, પેટની તકલીફ, મોટાપો, અનિદ્રા, ડિપ્રેશન, ૪૦ વર્ષ ઉપરના માટે યાદશક્તિ તથા કોઈપણ પ્રકારની કમજોરી માટે બનાવેલો અદભુત આયુર્વેદિક ઈલાજ જે કાયમ માટે જડમૂળથી મટી જાય છે. સાંતાક્રુઝથી આરતીબેન (મો.: 9819562286) કહે છે-વેટલોસના સીરપથી મારૂ વજન ૧૧૦ થી ૭૦ સુધી આવી ગયું. મારા પીરીયડ્સ, પીસીઓડી તથા બીજા પ્રોબ્લેમ દૂર થઈ ગયા અને ઈંચ વાઈસ પણ ઘટી ગયું-પાછું વજન વધતુ નથી. વજન ઉતારવાની સીરપ ૧,૦૦૦/- રૂા. ની મહિનાની છે અને હું ચાલી પણ શકતી ન હતી મને સખત દુઃખાવો હતો. સાંધાના દુઃખાવાના પાવડરથી મને એકદમ સારૂ થઈ ગયું. મલાડથી દીપકભાઈ (9920638621) મારી ડાયાબીટીસ ૫૦૦ હતી. આ પાવરથી ૧૦૦ સુધી આવી ગઈ તથા ઘુંટણના ગેપ તથા ઘસારામાં રાયશીભાઈ (મો.: 7738716077)કહે છે-હું વાંકો ચાલતો હતો તથા મને ઓપરેશનનું કીધું હતું, મને આ ઈલાજથી જડમૂળથી કાયમ માટે ફાયદો થઈ ગયો-અને હવે ઓપરેશનની જરૂર નથી. અમારી બધી જ દવા સ્ટીરોઈડ વગર હોય છે. અમારી દવા લીધેલના વધુ વિગતવાર અનુભવ સાથે C.T.-Commutree પર જોઈ લેવું. વિપુલ ગીંદરા, કવિતા ગીંદરા-આધોઈ અમે હોમ ડીલીવરી કરીએ છીએ. મલાડ-વેસ્ટ.મુંબઈઃ 9967503135, 8291288587.

(A-783){2-9}

**સરગમ વોટર પાર્ક-પ્યોર વેજ જૈન ફુડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦/- (સોમ.થી શનિ. રૂા. ૫૦૦/-)**

ટા. સવારે ૯ થી સાંજે ૬, નાસ્તો, લંચ, ચા, કોફી, ડિનર, ગોલા, પોપકોર્ન, ક્રેન્ડી ફ્લોક્સ, ઉત્તપ્પા, રસમ વડા, ચાઈનીસ ભેલ, વેવપુલ, ૧૨ રાઈડ્સ, રેઈન ડાન્સ, ડી.જે. દહીંસર ચેકનાકાથી ૨૬ કિ.મી. સં: રમેશ ગાલા-૯૩૨૪૩૦૪૩૩૩.

(J-674){2-10}

**હોલસેલ ભાવે હોમમેડ ચોકલેટ્સ**

રક્ષાબંધન સ્પેશીયલ ફ્લેવર્સ-સાદી, ડાર્ક, બટર સ્કોચ, ક્રંચી, ફ્રુટ જેલી રૂા. ૪૫૦ પ્રતિ કિલો. ડ્રાયફ્રુટ ચોકલેટ રૂા. ૫૦૦ પ્રતિ કિલો. રોસ્ટેડ બદામ ચોકલેટ રૂા. ૫૫૦ પ્રતિ કિલો, ૩ કિલો પર ફ્રી હોમ ડીલીવરી. ઓર્ડર માટે સંપર્કઃ સુશીલા વીરાઃ ૭૦૪૦૮૦૦૬૩૩, ૮૪૨૧૨૦૭૫૮૩. (નાની ખાખર).

(M-927){2-11}

**USAમાં દવા મોકલવા**

વિદેશમાં રહેતા સગાં-વ્હાલાઓને ભારતના ફેમિલી ડોક્ટરની જ દવા અસર કરે છે. USA કે અન્ય દેશોમાં Medicine મોકલવા માટે અનુજ સંગોઈ (નાંગલપુર)ને ફોન કરો. Free Pick up Service. PAC N DELIVER T.: 39698399, M.: 9323673747 anuj@pacndeliver.com 20 Years of Quality Service.

(J-645){2-12}

**WANTED TEACHER-GHATKOPAR**

નાના છોકરાના Classes માટે ECCE/Montessori Teacher જોઈએ છે. English Medium ભણેલી, વય મર્યાદા ૧૮-૩૦. સંપર્કઃ 9869129216-Ghatkopar.

(T-886){2-13}

---

**કચ્છ-વાગડ ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યવસાયિક જાહેરાતો, મેટરો કે નિવેદનો તેમના પોતાના હોય છે. એમાંથી ઉદ્‌ભવતા પરિણામો વિશે શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન તેમજ કચ્છ-વાગડ ખબર પત્રિકાના તંત્રી જવાબદાર નથી.**

## ધંધાદારી

**રેડીમેડ ગાર્મેંટ માટે જગા ભાડે આપવાની છે**

700+800/700+800 4 ગાળા (ચાર ગાળા) ભાડેથી આપવાના છે. હવાબાઇ ઇંડસ્ટ્રીયલ બિલ્ડીંગ, ક્રે-ઇ મોસીસ રોડ, ફોરસીઝન હોટલની બાજુમાં, મહાલક્ષ્મી સ્ટેશન રોડ, વરલી. Tel.: 9820023572– હંસરાજ મેગજી ગડા–લાકડીયા. (J-1083){3-1}

**બેંક લોન**

હોમ લોન 8.35, મોર્ગેજ લોન 9.50%, મશીનરી લોન, બિઝનેસ લોન, ગોલ્ડ લોન, શેર સામે ઓવરડ્રાફ, કાર–લોન, જૂની ચાલતી કાર લોને ટોપ-અપ કરી આપીશું. નવા ઇન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટ માટે વર્કીંગ કેપીટલ તથા ભાડાની આવક સામે LRD (9.25%) માં કરી આપીશું. ઓડિટેડ ફાઇનાન્શીયલ હોય તો પ્રોપર્ટી પેપર વિના પણ ઓવરડ્રાફ એકાઉન્ટ કરી આપીશું. નાનજી એમ ભાનુશાલીઃ 9819236640, 9222221416. ઓફિસઃ 022-41316640/41. AD FINANCE-CONSULTANCY@GMAIL.COM. (T-1876){3-2}

**શીખો**

સોલ્વ યોર પ્રોબ્લેમ એન્ડ અધર્સ વીથ ટેરોરીડીંગ હીલ યોર સેલ્ફ એન્ડ અધર્સ વીથ રેકીપાવર, લર્ન ટેરો રીડીંગ વીથ ફેસ રીડીંગ, ન્યુમરોલોજી, સિગ્નેચર એનાલીસીસ, લર્ન રેકી વીથ કેન્ડલ થેરપી, ડિસ્ટન્સ, ટચ, સેલ્ફ, ક્રીસ્ટલ, ફોટો થેરેપી વીથ રેમીડીયુ, હીલ યોર સેલ્ફ એન્ડ અધર્સ, સોલ્વ પ્રોબ્લેમ એન્ડ ક્લીયર યોર ગોલ. ગ્રુપ તથા મહિલા મંડળ ડેમો માટે આવકાર્ય. ટેરો રીડર–9167473296. (A-754){3-3}

**ગોરેગાવ (વેસ્ટ)**

અનિલભાઇ પુરીવાળા, ઘરે બનાવેલ પતલી મસાલા પુરી, મેથી પુરી, નીમ-કોથમીર પુરી, ગોબા પુરી, ઘરે બનાવેલ પતલા કેળાના વેહર, Dryfruit Parudi (મારવાડી આઇટમ) કચ્છની ગાયના ઘીના ખાખરા- ક્યારેય ન ખાધી હોય તેવી કચ્છની ખારેક 9820386895/8828441187. (M-925)3-4}

**Rakhi (On approval)**

ડિઝાઇનર રાખડીઓ અને લુમ્બા હોલસેલમાં મળશે. એક્ઝિબિશનમાં રાખવા માટે (On Approval) રાખડીઓ મળશે. વધુ વિગત માટે સંપર્ક : જીગર ચિમન રણશી બુરીચા, ગામ-લાકડીયા, whatsapp Mo.: 9833809962. (J-1005){3-5}

**છેલ્લી તક... રવિવાર, સવારે ૯ થી ૧ વાગે સુધી**
**શ્રી ગાલા રાણાણી (ખીરાણી) પુંજાણી (ઝાઝ)**
**કુટુંબનો આંબો "Family Tree" તૈયાર છે**

* ગાલા નુખનો આંબો ચેકિંગ કરવા ગોઠિયા ભાઇઓને માન આપીને રવિવાર, તા. 23-07-2017ના સવારે 9.00 થી 1.00 વાગે સુધી રાખવામાં આવેલ છે. તો સહકાર આપવા વિનંતી.

* પોતાના કુટુંબના દાદા, પિતા, પુત્ર, પૌત્રનું નામ રહી નથી ગયુંને...? આ છેલ્લી તક છે. પછી મંડળ જવાબદાર રહેશે નહી તેની નોંધ લેવા વિનંતી.

* આંબો ચેકિંગ કરવાનું સ્થળ:
શ્રી ગાલા પદમશી કોરસિંહ ખીરાણી (લાકડીયા)
C/o. ખીરાણી પ્રકાશન, 206, પ્રતિક એવેન્યુ,
શિવસાગર હોટલની સામે, નહેરૂ રોડ, પારલા-ઇસ્ટ,
મુંબઇ–400 0057. ફોનઃ 2615 5757 / 2612 5858
Mo.: 98705 56856

લિ.: ગાલા રાણાણી પુંજાણી ભાવિક મંડળ (મુંબઇ)
(લાકડીયા-કચ્છ વાગડ) (J-1093)

# Axis Ground

## ઘોડબંદર રોડ, થાણા

Ground - 1 ← કેપેસીટી → Ground - 2
૧૨૦૦ થી ૧૫૦૦ | ૨૦૦ કાર પાર્કિંગની સુવિધા | ૨૦૦૦ થી ૨૫૦૦

**Dingore Decorators**
જય પ્રકાશ પાંડે (J.P.) - Mobile : 9820013551

કેટરીંગ માટે સંપર્ક

**Gala Caterers**
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

Rajesh P. Gala
9820032050
9820032010

Jaymesh N. Chheda
9819818170
9223555624

NEEL PARI AD & GRAPHICS - 9322299742 (D-2607)

## સેંટ ઝેવીયર્સ સ્પોર્ટસ કોમ્પલેક્ષ

### લગ્ન માટે થાણામાં વિશાળ ગ્રાઉન્ડ

ઘોડબંદર રોડ, માનપાડા, થાણા (વે)

૧૫૦૦ વ્યક્તિઓ ડેકોરેશન સાથે ટોટલ પેકેજ ૨૫ લાખ*
ચા-કૉફી, જ્યુસ, સ્ટાર્ટર, મેઈન કોર્ષ + પાંચ કાઉન્ટર Rent Extra

Tip Top CATERERS

સંપર્ક
જયંત આર. શાહ - 9820192679
હેતલ જયંત શાહ - 9833226699
કેતન જયંત શાહ - 9820304345

(J-672) NEEL PARI - 9322299742

MAHAJAN SVGA

# શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન અને શ્રી વાગડ ગ્રેજ્યુએટ્સ એસોસિએશન (SVGA)

## યોજીત સેમીનાર

### "ચેરીટેબલ ટ્રસ્ટની જવાબદારીઓ અને ફરજો"

આ સેમિનારમાં ચેરીટેબલ ટ્રસ્ટો અંગેના વિવિધ કાયદાઓની સમજ અને તે વિશેનું માર્ગદર્શન, તે ક્ષેત્રનાં શ્રેષ્ઠ વ્યક્તીઓ દ્વારા આપણા સમાજનાં વિવિધ ટ્રસ્ટો અને ચેરીટેબલ સંસ્થાઓના ટ્રસ્ટીઓ અને પ્રતિનીધીઓને અપાય તે માટેનો નમ્ર પ્રયાસ છે.

### ❖ મુખ્ય વકતા ❖

**શ્રી એસ.બી. સાવલે**
(માનનીય ચેરીટી કમિશ્નર - મહારાષ્ટ્ર)

**શ્રી શૈલી જીંદાલ**
(ડાયરેક્ટર ઓફ ઇન્કમ ટેક્ષ - એક્ઝેમ્પશન)

**CA પારસ સાવલા**
(જાણીતા ટેક્ષ કન્સલટન્ટ)

| | | |
|---|---|---|
| તારીખ – વાર | : | ૫ ઓગસ્ટ ૨૦૧૭, શનિવાર |
| સમય | : | સાંજના ૪.૩૦ થી ૮.૩૦ |
| સ્થળ | : | નારણજી શામજી વાડી, માટુંગા (સેન્ટ્રલ) |

**આ કાર્યક્રમમાં વાગડની સર્વે સંસ્થાઓના ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓ ભાગ લઈ શકશે.**
**વધુ વિગત માટે આગામી પત્રીકા જાહેરાત જોવા વિનંતી છે.**

❖ લી. આપના વિશ્વાસુ ❖

ડૉ. નાગજીભાઇ કેશવજી રીટા (પ્રમુખ)
શ્રી વાગડ વિશા ઓશવાળ ચોવીસી મહાજન

સોલી. શ્રીમતી લીના જયેશ ગાલા (પ્રમુખ)
શ્રી વાગડ ગ્રેજ્યુએટ્સ એસોસિએશન (SVGA)

(M-0)

Congratulation અભિનંદન Congratulation અભિનંદન Congratulation અભિનંદન Congratulation

# મનફરા-દેઢિયા પરિવાર અને કકરવા-નંદુ પરિવારનું ગૌરવ

## C.A. જીનલની ઝળહળતી સફળતા

## Heartly Congratulation

## લાડલી જીનલની સફળતાના Milestones

**S.S.C. 94.55%**

**H.S.C. 87.33%**

**C.P.T. I.P.C.C. C.A.**

**C.A.**
**In 1st Attempt**
**With**
**C.P.T.**
**Complete Positive Thinking**

**I.P.C.C.**
**Intelligency Plus Concentration and Clear Destination**

**Jeenal**

**C.A.**
**Complete Attention**



દેઢિયા અને નંદુ પરિવારમાં વરસી આનંદની હેલી,
અમૃત દાદી અને શામજી દાદાની આંખડી હરખાઈ, વરસી આનંદની હેલી,
ડાઈ નાની અને બાબુ નાના આપે અંતરની વધાઈ, વરસી આનંદની હેલી,
ચંદ્રિકા મમ્મી અને ધીરજ પપ્પાની લાગણી મલકાઈ, વરસી આનંદની હેલી,
પ્યારી મામી અને મામાની ઊર્મી છવાઈ, વરસી આનંદની હેલી,
ફુઈ ચંપા આપે શુભેચ્છા સવાઈ, વરસી આનંદની હેલી...

**Your Success has brought everywhere Light,**
**We are Sure that it will take**
**you to great height...**
**... Parth ...**

(D-2605)

Diamond Video & Photograph, Grant Road

માતુશ્રી અમૃતબેન શામજી પોપટ દેઢિયા
માતુશ્રી ડાઈબેન બાબુલાલ ભચુ નંદુ & All Family

iconnect CONNECTING KIDS TO FASHION

Congratulation અભિનંદન Congratulation અભિનંદન Congratulation અભિનંદન Congratulation

॥ જય અજરામર ॥ **સ્નેહના ઝરણારૂપી વાત્સલ્યહૃદયી પવિત્ર આત્માઓને ભાવભીની પુષ્પાંજલિ** ॥ જય મહાવીર ॥

**પ્રેમાળ પૂ. પિતાશ્રી**



**હરખચંદ કરમણ છેડા**
**તા. ૦૯-૦૯-૨૦૦૧**

**આજીવન અનશન વ્રતધારી**



**પૂ. પ્રેક્ષાબાઈ મહાસતીજી**
**તા. ૧૮-૦૭-૨૦૧૫**

**મમતાળું પૂ. માતુશ્રી**



**ભચીબહેન હરખચંદ છેડા**
**તા. ૦૪-૦૭-૨૦૧૬**

# નવમી પુણ્યતિથિએ ભાવવિભોર હૃદયે ભાવવંદના...

## ...... રતનાંજલિ ......



**પૂ. રતનબેન જયંતિલાલ છેડા**
**દેહત્યાગ : અષાઢ વદ-પાંચમ**
**તા. ૨૨-૦૭-૨૦૦૮**

લઈ જાય પ્રભુનો પ્રવાહ ત્યા માનવી જતો જાય છે,
દિવસો–મહિના સાથે વર્ષો વિતતા જાય છે,
ને જીવન એક સંભારણાનું પુસ્તક બનતું જાય છે.

પળે પળે આપની ગેરહાજરીનો અહેસાસ થાય છે,
અને નેણલેથી નીર વહેતા જાય છે,
ને જીવન એક સંભારણાનું પુસ્તક બનતું જાય છે.

હતા જ્યારે સાથે ત્યારની વાતો યાદ આવે છે,
હસી–ખુશી અને મીઠી ગોષ્ઠીઓની એ પળો યાદ આવે છે.
ને જીવન એક સંભારણાનું પુસ્તક બનતું જાય છે.

મોક્ષધામમાં પામો પરમ સુખ–શાંતિ એવા અંતરથી શબ્દો સરકતા જાય છે,
અને આપની યાદીના સહારે જીવન ચાલતું જાય છે,
ને જીવન એક સંભારણાનું પુસ્તક બનતું જાય છે.

પ્રેમનું અમૃત વહેવડાવનાર આપનો શિતળ આત્મા પરમ સુખ–શાંતિને પામે
એ જ અભ્યર્થના સહ ભાવવિભોર હૃદયે ભાવવંદના...

**લિ. આપ્તજનોનો ઋણ સ્વીકાર**

**સાસુ-સસરા : માતુશ્રી ભચીબેન હરખચંદ કરમણ છેડા**
**માતા-પિતા : માતુશ્રી લીલાબેન વાઘજી તેજશી ગાલા**
**પતિ : શ્રી જયંતિલાલ હરખચંદ કરમણ છેડા**
**અપ્સરા આઈસ્ક્રીમ પરિવાર**

(J-1087)

# વાત્સલ્ય હૃદયી કુટુંબપ્રેમી વડિલને ... પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ ...

**શોકાતુર : અમૃતબેન વેરશી ભીમશી ગડા**
**પ.પૂ. માતુશ્રી તેજાબેન ભીમશી મુરજી ગડા પરિવાર**
**પ.પૂ. માતુશ્રી કોરઈબેન લધા મેપશી ગાલા પરિવાર**



## પુણ્યશ્લોકી વેરશી ભીમશી મુરજી ગડા (માચાણી)
## (ઉંમર વર્ષ ૮૨)

ગામ–લાકડીયા * મુંબઈ–કાલીના–સાંતાક્રુઝ (ઈસ્ટ)
આયુષ્ય તા. ૮–૧૨–૧૯૩૪ થી તા. ૨૧–૭–૨૦૧૬
હે ... પરમ પૂજ્ય પિતાશ્રી
એક જ જન્મારામાં વિશાળ કાર્યફલક રચી ગયા
સદ્‌ગુણોના દીપ પ્રગટે એવી સજોડે સ્મૃતિ રચી ગયા
અમને અશ્રુઓ જરૂર આવે છે પાંપણના પલકારે
પણ સ્મરણ સાથે સુહાસ ફેલાય એવી ધૂપસળી રચી ગયા
આપના આશિષ ની સરિતા સદાય વહેતી રહેશે.
જે અમારી સ્મૃતિઓના સાગરમાં સમાઈ જશે
દિન–માસ વર્ષો કાળમાં વલોવાશે.
આપની તસવીર સદાય અમ દિલમાં રહેશે.
આપનો દિવ્ય આત્મા પરમ પદને પામે એ જ પ્રભુ પાસે પ્રાર્થના.

**હમ સે દૂર હોકર ભી હમારે પાસ હો આપ, હમારી સુની જીંદગી કી એક આશ હો આપ,**
**કૌન કહેતા હૈ કિ હમસે બિછડ ગયે હો આપ, મધુર યાદો કે રૂપમેં હમારી શ્વાસોશ્વાસ હો આપ.**

આપની સ્મૃતિને હરપળ યાદ કરનાર
પુત્ર–પુત્રવધૂ : અ.સૌ.દમયંતીબેન અશોક ગડા
અ.સૌ. મનિષાબેન પરેશ ગડા
દિકરી–જમાઈ : ગં.સ્વ.વિમળાબેન અમરશી પાલણ ગાલા
અ.સૌ.ઉષાબેન વિનોદ હરખચંદ ગાલા
અ.સૌ.નયનાબેન પ્રેમજી વેલજી સત્રા તથા સમસ્ત ગડા માચાણી પરિવાર

(J-1053)

# પધારો... પધારો... પધારો...

## પર્યુષણ પર્વ ઉજવવા તેમજ ૬૪ પ્રહરી પૌષધ કરવા

પરમ પૂજ્ય કચ્છ વાગડ દેશોદ્ધારક અધ્યાત્મયોગી પરમ પૂજ્ય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા. શિષ્યરત્ન પરમ પૂજ્ય ગચ્છનાયક કલાપ્રભસૂરીશ્વરજી મ.સા. આજ્ઞાવર્તિની પરમ પૂજ્ય તપસ્વીરત્ના પ્રભંજનાશ્રીજી મ.સા. શિષ્યા **પૂર્ણગુણાશ્રીજી મ.સા.** (મનફરા–કચ્છ–વાગડવાળા) ખેરોદા–જીલ્લો ઉદયપુર ગામમાં ચાતુર્માસ બિરાજમાન છે. તેમની નિશ્રામાં પર્યુષણ પર્વમાં ૬૪ પ્રહરી પૌષધ જેમને કરવાની ભાવના હોય તેમને અહીં પધારવા ખાસ વિનંતી છે. અત્રે રહેવાની, એકાસણા કરવાની વિગેરે સર્વે સુવિધા સારી છે. જેમને ઉપધાન તપની આલોચનાના પૌષધ કરવા હોય તો તે પણ કરી શકાશે.

************************************

**એડ્રેસ :**
સા. પૂર્ણગુણાશ્રીજી મ.સા.
વર્ધમાન જૈન સ્થાનક
મુ.પો. ખેરોદા,
તા. વલ્લભનગર,
જીલ્લોઃ ઉદયપુર (રાજસ્થાન).

**સંપર્ક સુત્ર :**
**દિનેશભાઈ બડાલા : 99286 57946**
**અરવિંદભાઈ બડાલા : 98292 97223**
**અરૂણભાઈ બડાલા : 94141 59936**

**ખાસ નોંધઃ** તા. ૧૦–૮–૨૦૧૭ સુધીમાં પોતાનું નામ, એડ્રેસ વગેરે ખાસ જણાવવાનું રહેશે. ત્યારબાદ કોઈના પણ નામ લેવામાં આવશે નહીં.

**લિ.: ખેરોદા જૈન સંઘ (રાજસ્થાન)** (J-1072)

## શ્રી કચ્છી વિશા ઓસવાળ જૈન સેવા સમાજ કુરલા અને (JYF) જૈન યુથ ફોરમ યોજે છે ધર્મ મંથન

મુંબઈના ધમાલીયા જીવનમાં ધર્મ મંથન કરી જીવવાની સમીક્ષા કરવી જોઈએ. ધર્મ અને જીવનનું સમતોલન અત્યંત જરૂરી છે. ધર્મ મંથન એક એવો પ્રયાસ છે જેમાં ધર્મની સમજણ સાથે જીવન જીવવાની શૈલી કંડારવામાં આવશે.

સર્વ મુંબઈના કચ્છી તથા વાગડ સમાજના શ્રાવક–શ્રાવિકાઓ, યુવા વર્ગ યુવકો અને યુવતિઓને ધર્મ મંથનમાં લાભ લેવા વિનંતી. (બધાને મુહપત્તિ લાવવા વિનંતી).

**વક્તા : JYF ડો. હેમાલીબેન સુરેશ સંઘવી** (અંજાર)
**વિષય : જીંદગીનું High Way**
**તારીખ : ૨૩-૦૭-૨૦૧૭**
**સ્થળ : શ્રી કચ્છી વિશા ઓસવાળ જૈન સેવા સમાજ કુરલા (કુરલા મહાજનવાડી)**
L.B.S.માર્ગ, કુર્લા કોર્ટ, જુની પોસ્ટ ઓફિસ સામે, કુર્લા વેસ્ટ, મું.-400 070
સંપર્ક : **વીરચંદ મુરજી વિસરીયા** (મોખા) **9819133088**
**ચંદનબેન દિનેશ ધરોડ** (પત્રી) **93228 63034**
**JYF જય નવીન વોરા** (બિદડા) **98193 69105**
**JYF નયન રવીલાલ દેઢિયા** (ગજોડ) **99875 39649**
**આ પ્રોગ્રામ પત્યા પછી ચા–નાસ્તાની વ્યવસ્થા રાખેલ છે**
**એકબીજાને ગમતા રહીએ–સમતા રાખો–શાંત પળોમાં વિચારશો.**

એજ લિ. માનદ્‌મંત્રીઓ
* વિજય શામજી શાહ * કિશોર ખેતશી શાહ

(J-1085)

# માસિક પુણ્યતિથિએ ભાવસભર પુષ્પાંજલિ



વહેતી નિરંતર આ સમયની ધારામાં
કરી યાદ આપને
ગાઈશું સ્મૃતિ ગાન તમારા ...
રહેશે નિરંતર પ્રેમ જ્યોત
આપની અમ હૃદયમાં
દેહને નષ્ટ કર્યો કાળે ...
પણ અમરતમ વ્યક્તિત્વ આપનું
યાદગાર તમ જીવન પુષ્પની મહેક
રહેશે સદાબહાર
કર્તવ્યનિષ્ઠ થઈને હૈયાના
હેતથી જાળવ્યા આપે સંબંધ
ફળસ્વરૂપે પ્રસરી છે ચારે કોર
આપના ગુણોની સુગંધ... !

## સ્વ. શીવજી વાલજી ગડા

અરિહંતશરણ ગુરૂવાર, તા. ૨૨-૬-૨૦૧૭ * ગામ-સામખીયારી * મુંબઈ-કાંદિવલી

આજે આપની માસિક પુણ્યતિથિએ આપને નત્ મસ્તકે શ્રધ્ધાસુમન અર્પણ કરીએ છીએ

ॐ શાંતિ ... શાંતિ ... શાંતિ ...

**લિ. : માતુશ્રી દિવાળીબેન શીવજી વાલજી ગડા સમસ્ત પરિવાર**
**(સામખીયારી – કાંદીવલી)**

| | | | |
|---|---|---|---|
| અ.સૌ. કંચન શાંતીલાલ ગડા | અ.સૌ. ભાવના અમૃત ગડા | અ.સૌ. અંજુ ધીરજ ગડા | અ.સૌ. અરૂણા આશિષ કારીઆ |
| અ.સૌ. કિન્નરી મયુર ગડા | હર્ષ શાંતીલાલ ગડા | બ્રિન્દા ધીરજ ગડા | ખુશી આશિષ કારીઆ |
| અ.સૌ. સેજલ જૈનેશ ગાલા | ઝીલ અમૃત ગડા | વેદાંત ધીરજ ગડા | ખુશ્બુ આશિષ કારીઆ |

(J-1099)

# શ્રી મનફરા પાંજરાપોળ

## મનફરા, ખારોઈ, કકરવા અને ભરૂડીયા ગામવાસી ભાઈ-બહેનો માટે પોતાનાં વડિલોની સ્મૃતિ રાખવા માટેનો સુવર્ણ અવસર - છેલ્લો અવસર (LAST CHANCE)

બની ગયેલા વિભાગો ખૂબ જ સરસ અને સગવડભર્યા બન્યા છે. શ્રી મનફરા પાંજરાપોળના સર્વ કાર્યકરોએ ખૂબ જ મહેનત કરી છે અને સમયનો ભોગ આપ્યો છે તેનું આ પરિણામ છે. મુલાકાતે આવનાર જીવદયાપ્રેમીઓ આ દરેક વિભાગો જોઈને દંગ રહી જાય છે. અને વિભાગોના દાતાશ્રીઓ પણ પોતાની લક્ષ્મીનો ખૂબ જ સારી રીતે સદ્ઉપયોગ થયો છે. તેવી સંતુષ્ટાની લાગણી અનુભવે છે. અધતન રીતે નવનિર્માણ પામી રહેલ આ પાંજરાપોળ કચ્છ-વાગડ અને ગુજરાતમાં પ્રેરણા રૂપી બની રહેશે.બની ગયેલા વિભાગો સિવાય નુતન પાંજરાપોળમાં ૨-સમવસરણ (ચૌમુખી ભગવાન), ૩ પશુવાડા, જળ વિતરણ યોજના, ૧ ગાર્ડન, ૧ પાણીનો પરબ, અને ચબુતરો આમ નવ વિભાગો નવા બનવાના છે જેની ઉછામણી તા. ૨૩-૦૭-૨૦૧૭નાં રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકથી શ્રીમતી ચંપાબેન ચાંપશી દેવશી નંદુ મહાજનવાડી મધે કરવામાં આવશે.



સમવસરણ









ROYALE - 8

8 SEATER ELECTRIC LUXURY CART

## ઉછામણી ! ઉછામણી !! ઉછામણી !!!

### નવા વિભાગો માટે નીચે પ્રમાણેની વહેતી ઓફરો દાતાશ્રીઓ તરફથી આવેલ છે.

| | | |
|---|---|---|
| | ૧૧) | સમવસરણ-૧ (ચૌ-મુખી ભગવાન) માતુશ્રી વેજીબેન ગાંગજી લધાભાઈ દેઢિયા (મનફરા) |
| | ૧૧) | સમવસરણ-૨ (ચૌ-મુખી ભગવાન) માતુશ્રી પાનબાઈ કલ્યાણજી વિરજી સાવલા (મનફરા) |
| | ૧૧) | ગાર્ડન :- શ્રીમતી ભારતીબેન પુનશી જગશી સત્રા (મનફરા) |
| વધીને | ૧૨) | માતુશ્રી જેઠીબેન હરગણ રવજી ગડા (મનફરા) |
| | ૭) ૫૧ | પાણીનું પરબ : માતુશ્રી પાલઈબેન જેઠુભાઈ વીસાભાઈ ગડા (મનફરા) |
| વધીને | ૮) ૫૧ | શ્રીમતી ગુણવંતીબેન નેણશી રામજી સુરજી સત્રા (મનફરા) |
| | ૧૫) | પશુવાડા નં. ૭ માતુશ્રી ગંગાબેન કરમશી પટણી (ખારોઈ) |
| | ૧૫) | પશુવાડા નં. ૮ શ્રીમતી દિવાળીબેન વીરજી આશદીર દેઢિયા (મનફરા) |
| | ૧૫) | પશુવાડા નં. ૯ શ્રીમતી ગોરીબેન માલશી વેરશી સત્રા (મનફરા) |
| | ૭) ૫૧ | જળવિતરણ યોજના : શ્રીમતી ભારતીબેન પુનશી જગશી સત્રા (મનફરા). |

ઉપરના સર્વે વિભાગોની વહેતી ઓફરોને ૧) નો વધારો કરીને આગળ વધારી શકાશે. શાંતિનિકેતનથી પાંજરાપોળ સુધી મુલાકાત માટે ચાર્જેબલ બેટરી ઓપરેટેડ રોયલ ગાડી રાખવામાં આવશે. ચબુતરો ગાર્ડનની સામે બનશે. ૪૦ ફૂટ નીચે રાઉન્ડ ઓટલો અને ચારે બાજુ રેલીંગ આવશે. તેમજ ૧૦ ફૂટની ઉપર ૨૦ ફૂટની લંબાઈ ધરાવતો વહાણ આકારનો એલ્યુએશન આપવામા આવશે જેમાં ગોખલા બનાવવામાં આવશે જ્યાં કબૂતરો નિરાંતે રહી શકશે. રોયલ ગાડી અને ચબૂતરાની ઓફર આવકાર્ય છે. વધુ પૂછપરછ કે ઓફર વધારા માટે શ્રી કાંતિલાલ ગાંગજી દેઢિયા, મો.: ૯૮૨૦૧૮૯૫૮૭ અને શ્રી દામજી ભોજરાજ બુરીચા, મો.: ૯૮૨૦૦૮૦૪૦૨ ઉપર સંપર્ક કરવો.

ગયા વરસે ચડાવાની વહેતી ઓફરોને ખૂબ જ સરસ પ્રતિસાદ મળ્યો હતો, જીવદયાપ્રેમીઓ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી પોતાની શકિત છૂપાવ્યા વગર વહેતી ઓફરમાં લાભ લીધો હતો. અને ઉછામણીનાં દિવસે પણ દાતાશ્રીઓ વરસી પડયા હતાં. ફરીથી આવો એક અને છેલ્લો મોકો મળ્યો છે ત્યારે ઉપરોક્ત દરેક વિભાગોમાં દિલ ખોલીને પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવા ઉત્સાહપૂર્વક વહેતી ઓફરોને આગળ વધારવા નમ્ર વિનંતી. તા. ૨૩/૭/૨૦૧૭નાં રોજ આખરી આદેશ આપવામાં આવશે. તો આ પ્રસંગે ચારે ગામવાસી ભાઈ-બહેનોને બહોળી સંખ્યામાં પધારવા નમ્ર વિનંતી.

લિ ટ્રસ્ટીઓ અને અધિકારી બોર્ડ : કાંતિલાલ ગાંગજી દેઢિયા-ટ્રસ્ટી-પ્રમુખ, ચંદુલાલ કલ્યાણજી સાવલા-ટ્રસ્ટી, સુરેશ કાંથડ ગડા-ટ્રસ્ટી-મંત્રી, તલકશી હંસરાજ દેઢિયા-ટ્રસ્ટી-ખજાનચી, દામજી ભોજરાજ બુરીચા-ટ્રસ્ટી, મુરજી નરપાર દેઢિયા-ટ્રસ્ટી, કાનજી કરમશી પટણી-ટ્રસ્ટી, કાનજી વેરશી સત્રા-ટ્રસ્ટી, રવજી ગેલાભાઈ કુરિયા-ઉપપ્રમુખ, રતનશી લખમશી બુરીચા-મંત્રી

કારોબારી સમિતિ: અમૃતલાલ માલશી સત્રા, પુનશી જગશી સત્રા, રાયશી ખીમજી ગોગરી, વીરજી આસદીર દેઢિયા, વેલજી આસદીર સત્રા, શાન્તીલાલ કરસન બુરીચા, ધનજી (અચુ) રવજી ગડા, રાયચંદ પુંજાલાલ છેડા, રસિકલાલ આસદીર સાવલા, અમરશી ગુણશી સત્રા, મનોજ પોપટલાલ ગાલા, જયંતિલાલ ગાભુભાઈ વોરા, પંકજ પ્રેમજી ગડા, મણીલાલ જેઠુભાઈ ગડા

પ્રોગામ સમયસર ૩.૦૦ કલાકે શરૂ થઈ જશે. આપણા આધુનિક પાંજરાપોળમાં બની ગયેલ નવા વિભાગોની વિસ્તૃત ઝલકની ડોક્યુમેન્ટરી ફિલ્મ ૩.૩૦ કલાકે શરૂ થઈ જશે. સર્વેને સમયસર પધારી પોતાનું સ્થાન ગ્રહણ કરવા નમ્ર વિનંતી

જીવદયા વિશે વિશેષ રજૂઆત
અમૃત બિસર-તંત્રી સુલેહ

તા. ૨૩-૦૭-૨૦૧૭ રવિવાર, સમય : ૩.૦૦ કલાક
સ્થળ : શ્રીમતી ચંપાબેન ચાંપશી દેવશી નંદુ મહાજનવાડી

ચૌવિહાર / ભોજનની ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

પત્રિકા સૌજન્ય : દિપ્તી બિલ્ડર્સ યુનિવર્સલ પ્રા.લિ. (દાદર-મુંબઈ)

Jyoti - 9833163838

(J-1103)

|| જય અજરામર || || તસ્મૈ શ્રી ગુરવે નમઃ || || જય મહાવીર ||

# શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (સેકટર-૧૪) વાશી

સંચાલિત

# માતુશ્રી મીઠાબેન લાલજી લખમશી સાવલા જૈન ધર્મસ્થાનક

સ્થાનક ભવન, પ્લોટ નં. ૪૮/૧૮, મહાત્મા ગાંધી કોમ્પ્લેક્ષ, સેકટર-૧૪, વાશી, નવી મુંબઇ-૭૦૫. ફોન નં.: 2788 1158 / 2789 1170




આચાર્ય શ્રી રૂપચન્દ્રજી સ્વામી | પૂ. ગીતાર્થ આચાર્યસમાન ગુરૂદેવ શ્રી નવલચન્દ્ર સ્વામી | પૂ. ગુરુદેવ શ્રી રામચંદ્રજી સ્વામી | પૂ. આચાર્ય શ્રી પ્રકાશચન્દ્ર સ્વામી

અમારા સંઘના સદ્‌ભાગ્યે લીંબડી અજરામર સંપ્રદાયના મહાન જયોતિર્ધર પૂ. આચાર્ય શ્રી રૂપ-નવલ-રામ ગુરૂદેવના પરમ કૃપાપાત્ર સુશિષ્ય પૂ. આચાર્ય શ્રી પ્રકાશચન્દ્રજી સ્વામી (ભોરારા) પૂ. પંથકચંદ્રજી સ્વામી (ભચાઉ), પૂ. નૈતિકચંદ્રજી સ્વામી (ભચાઉ), પૂ. યુગાંશચંદ્ર સ્વામી (ભીમ), પૂ. નમસ્કારચંદ્રજી સ્વામી (ભચાઉ) ઠાણા-૫ જયારથી ચાતુર્માસે પધાર્યા છે ત્યારથી ધાર્મિક ઉત્સાહ ઉત્તરોત્તર વધતો જાય છે. નિયમિત વ્યાખ્યાન, શિબિર આદિ ધાર્મિક કાર્યક્રમોમાં ભાવિકો ખૂબ જ સારી સંખ્યામાં લાભ લઇ રહ્યા છે. ૧૬, ૧૦, ૯, ૮ આદિ મોટી તપસ્યાના નવ પારણાં થયા છે. અન્ય ભાવિકો આગળ વધી રહ્યા છે.

## રવિવારીય જાહેર પ્રવચન તથા મહા માંગલિક

તા. ૨૩-૭-૨૦૧૭, રવિવાર, સવારે ૯.૩૦ થી ૧૧-૩૦ **"ઉપકારીઓના ઉપકારને ભૂલશો નહિં"** એ વિષય ઉપર જાહેર પ્રવચન તથા મહા માંગલિક રાખવામાં આવેલ છે. બે સામાયિકનો લાભ મળશે. શ્રાવણ ધર્મનો મહિનો કહેવાય તેનાથી પૂર્વે અમાસના રવિવાર હોવાથી બે સામાયિક દરમ્યાન કર્મોને દુર કરાવનારી આગમ આધારિત પ્રાર્થના, જાહેર પ્રવચન તથા મહા માંગલિકનો લાભ લેવાનું ભૂલશો નહિ. કાર્યક્રમના અંતે સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે. કુપન લઇ બેસવા વિનંતી. પ્રથમ ભજન કરીને પછી ભોજન કરીએ તો એ પ્રસાદ બની જાય છે. લાભ લેવા વિનંતી.

દર રવિવાર બપોરે ૩ થી ૪ **બાળકોની શિબિર**
દર સોમવારે બપોરે ૨-૩૦ થી ૪-૧૫ **નારી સંસ્કાર શિબિર**
દરરોજ સવારે ૮-૩૦ થી **ભક્તામરની પ્રાર્થના**
૯ થી ૧૦ ઉત્તરાધ્યન સૂત્ર તથા જૈન મહાભારત ઉપરના **પ્રવચન**
ત્યારબાદ **નવલક્ષ જાપ**
સાંજે ૭-૧૫ વાગે **પ્રતિક્રમણ**

**આદિ સર્વે અનુષ્ઠાનોમાં**
**લાભ લેવા સર્વેને હાર્દિક આમંત્રણ છે..**
**આપનું આગમન, અમારો આનંદ.**

### નવલ આગમ અમૃત (ભાગ:૧ -૨)

૩૨ આગમ શાસ્ત્રોના સાર રૂપ આ બે ભાગમાં સરળ ગુજરાતીમાં આગમોનું અમૃત આલેખવામાં આવ્યું છે. ઘર ઘરમાં આ ગુજરાતી સારાંશ વાંચવા જેવો છે...

### સંસાર સપના કોઇ નહિં અપના

આ પુસ્તક ઉપર ઓપન બૂક એક્ઝામ રાખવામાં આવેલ છે. અત્યંત લોકપ્રિય આ પુસ્તકની ખુલ્લી કિતાબે પરીક્ષા ઘર ઘરમાં આપવા જેવી છે.

### નવલ -પ્રકાશ

છેલ્લા ૨૧ વર્ષથી ચાલતું આ ધાર્મિક સંસ્કારવર્ધક મેગેઝિન (ધંધાદારી જાહેર ખબર વિનાનું) ઘર ઘરમાં વાંચવા જેવું છે. દર મહિને ૬૦૦૦/- છ હજાર જેટલી નકલો બહાર પડે છે. આપ દશ વાર્ષિક કે બે વાર્ષિક લવાજમ ભરીને મેમ્બર બની શકો છે.

### સામાયિક - પ્રતિક્રમણ (ગુજરાતી-અંગ્રેજી)

સામાયિક -પ્રતિક્રમણ શીખનારને આ પુસ્તિકાઓ નિઃશુલ્ક મળી શકશે. બાકીના દરેક પુસ્તક અડધી કિંમતે મળી શકશે.

**ઘરને જ્ઞાન મંદિર બનાવવા વિનંતી...**

**ઉપરોક્ત પુસ્તકો મેળવવા સંપર્ક:**

**શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ**
વાશી, સેક્ટર-૧૪ (નવી મુંબઇ), સ્થાનક ભવન, એમ. જી. કોમ્પ્લેક્ષ

◆ ◆

રમણીકલાલ નાગજી દેઢિયા: દુર્ગા ટેક્ષટાઇલ્સ,
૧૬ -બી, ક્રિષ્ના નિવાસ, દુ. નં. ૫ ગ્રાઉન્ડ ફ્લોર,
ડૉ. આંબેડકર રોડ, હિંદમાતા, મુંબઈ-૧૪.
ફોન (022) 2414 4744/2414 7433.

**લિ. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (સેકટર-૧૪) વાશી-મંત્રીઓ**

સંપર્ક સુત્ર : મણીલાલ રાંભિયા-98193 50884 ◆ ગિરીશ દેઢીયા-98213 01155 ◆ હરેશ ખીમસીયા-98204 81351

# પત્રિકા સૌજન્ય: જી.બી. એજ્યુકેશન પ્રા.લી.

(J-1091)

DEV GRAPHICS - 93 23 84 28 28

શનિવાર • તા. ૨૨ જુલાઈ, ૨૦૧૭ શ્રી કચ્છ વાગડ ખબર પત્રિકા 15

# શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન

**★ શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન ★ શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન ★ શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ ★ મહારાષ્ટ્ર કચ્છી ઓશવાળ જૈન સમાજ**

નિર્મિત

## ક.વિ.ઓ. કેન્દ્રીય મધ્યસ્થી સમિતિ અને શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓશવાળ જૈન સમાજ

આયોજિત

## સંયુક્ત મહાપરિચય સંમેલન, તા. ૯-૧૦-૧૧-૧૨ સપ્ટેમ્બર-૨૦૧૭-મહાબળેશ્વર

સમાજની સગપણ સમસ્યા હલ કરવા માટે ઉપરોક્ત સંસ્થાઓ દ્વારા સગપણ ઈચ્છુક યુવક–યુવતીઓ માટે ખાસ મહાપરિચય સંમેલન મહાબળેશ્વરમાં તા. ૯,૧૦,૧૧,૧૨ સપ્ટેમ્બર ૨૦૧૭ના આયોજન કરવામાં આવેલ છે.

આપણા વાગડ વિશા ઓસવાળ સમાજમાં પણ સગપણની મુંઝવણ કન્યા અને વર બન્ને પક્ષે સરખી જ છે ; તેથી તેના હલ રૂપે આપણે પણ આ સંયુક્ત મહાપરિચય સંમેલનમાં જોડાવવાની ઈચ્છા વ્યક્ત કરી અને સામે શ્રી ક.વિ.ઓ કેન્દ્રીય મધ્યસ્થી સમિતીના હોદ્દેદારોએ આપણી ઈચ્છાને અનુમતિ આપી છે જેથી આપણા યુવક–યુવતીઓ પણ આ સંયુક્ત મહાપરિચય સંમેલનમાં જોડાઈને પોતાના યોગ્ય પાત્રની પસંદગી કરી શકે તેવી અનુકૂળતા પ્રાપ્ત થઈ છે. તેના માટે નીચે મુજબ ત્રણ ગ્રુપ રાખવામાં આવ્યા છે. યોગ્યતા પ્રમાણે આપ તે ગ્રુપમાં જોડાઈ શકો છો. આ સંમેલનમાં એક ઉમેદવાર સાથે તેના એક વડીલ આવી શકશે.

**GROUP : A**

ગ્રેજ્યુએટ-પોસ્ટ ગ્રેજ્યુએટ, અપરિણીત યુવક-યુવતી
